૭

ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઇ-લાયબ્રેરી અને કેમ્પસ ડીઝાઇન અને કન્સલ્ટન ફી અંગેની ત્રીજા ફેઝની કામગીરી માટે વર્ષ ૨૦૧૮-૧૯ ની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅબડ/૧૦૧૭/૬૪૩૦૩૫(નબા-૦૫)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:03/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: અજાક-મ.૩--૨૦૧૭-૫૬૧૫-૫૬૧૬.

ઠ રા વઃ-

ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઇ-લાયબ્રેરી અને કેમ્પસ ડીઝાઇન અને કન્સલ્ટન ફી અંગેની ત્રીજા ફેઝની કામગીરી માટે વર્ષ ૨૦૧૮-૧૯ રૂ.૩૧૫/- લાખ (અંકે રૂપિયા ત્રણ કરોડ પંદર લાખ પુરા) ની નવી બાબત વંચાણે લીધાં ક્રમ-૧ ઉપર દર્શાવેલ તા:03/૧૧/૨૦૧૭ ના પત્રથી નિયામકશ્રી (અજાક) ધ્વારા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તુત દરખાસ્ત અંગે આ પ્રોજેકટનાં કન્સલ્ટન્ટ શ્રી શૈલેષભાઇ મોદી પાસેથી મળેલ ડીઝાઇન અને ખર્ચનાં એસ્ટીમેટ મુજબ ત્રીજા ફેઝ માટે રૂ.૩૧૫/- લાખના અંદાજો મળેલ હોઇ, ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઇ-લાયબ્રેરી તથા અન્ય બાબાતોના કામની ત્રીજા ફેઝની કામગીરી માટેની વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબ રૂ.૩૧૫/-લાખ (અંકે રૂપિયા ત્રણ કરોડ પંદર લાખ પુરા) ની નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાવિભાગ દ્રારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫ આયોજન સેકટર(ખ) સામાજિક સેવાઓ મુખ્ય સદર- ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ અંગે મૂડી, પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ પેટા સદર-૧૦-SCW-૨૦ ડો.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ) હેડ ચાર્જેબલ-૨૨૨૫ ૦૧ ૮૦૦ ૧૦ બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૬-૩-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.અમદાવાદ
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) જિ. અમદાવાદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.અમદાવાદ
બજેટ શાખા, તથા કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.